

# Eid al-Ghadir Message from the desk of the President



ઇમામ અલી (અ.) ના હરમના પરચમ ના નીચે

આદરણીય કોમના સભ્યો,

સલામુન અલયકુમ અને ઈદ અલ-ગદીર મુબારક

ઇમામ અલી (અ.) ના ચાહવાવારાઓ અને મનવાવારાઓ માટે કેટલો આનંદકારક શબ અને દિવસ છે. ઈદ અલ-ગદીરના આ ખૂબ જ ખાસ અને મુબારક દિવસે, તમામ ભાઈઓ અને બહેનોને ઈદ મુબારક.આપણા હૃદયમાં ઈમામ અલી (અ.)નો ઊંડો પ્રેમ એ ખોજા શિયા ઈથના અશરી કોમ તરીકે આપણી પાસે સૌથી મોટી ભેટ છે જે આપણને એક થઈને જોડે છે. અમે ગદીરની શબ અને દિવસે નીચેના વિર્દ સાથે અલ્લાહ (SWT)નો શુખર માનીએ છીએ:

**اَلْحَمْدُ لِلَّهِ ٱلَّذِي جَعَلَنَا مِنَ ٱلْمُتَمَسِّكِينَ**

**بِوِلاَيَةِ امِيرِ ٱلْمُؤْمِنِينَ وَٱلائِمَّةِ عَلَيْهِمُ ٱلسَّلاَمُ**

**હમ્દ અલ્લાહ માટે છે જેણે અમને એવા લોકોમાં શામિલ કર્યા જેઓ અમીર અલ-મુમીનીન (અ) અને અઇમ્માહ ની ઇમામત થી નજીક રહેવાવાળાઓ અને પકડી રાખવાવાળાઓ માં શુમાર કર્યા.**

એક કોમ તરીકે, આપણે અલ્લાહ SWTનો સતત શુંખર માનવું જોઈએ જેણે ૧૫૦ વર્ષ પહેલાં અમને અહલે-બૈત (અ)ના સીધા રસ્તા તરફ માર્ગદર્શન આપ્યું. ઇમામ અલી (અ.)ની વિલાયતને માનવું આપણને અલ્લાહ થી જોડે છે. અમે ખુશ નસીબ છીએ કે અમને આલીમો અને રૂહાની માર્ગદર્શકો તરફથી સતત માર્ગદર્શન મળે છે જેમણે અમને ઇમામ અલી (અ)ના રાહ પર રહેવાની અને અમારા હૃદયમાં અહલે બૈત (અ.)ની મહોબ્બત નાખી.

વર્ષોથી પાક શહેરોની અમારી અનેક સફરો દરમિયાન, અમે અમારા મર્જા અને અન્ય મુજતહિદ્દીન સાથે વૈચારિક અને સામાજિક બંને મુદ્દાઓની ચર્ચા કરવાનો સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે અને હર મુલાકાત અમને ફરીથી અઇમ્માહ (અ.) ની વિલાયત સાથે અમારા બંધનને મજબૂત કરવા ઉત્સાહિત કરે છે. દાયકાઓથી અમારા ઉલમાની સખત મહેનત, સમર્પણ અને ઇમાનદારી છે જેણે અમને અહલે બૈત (અ.)ના રસ્તા પર સાબિત કદમ રાખ્યું છે. આ કાર્ય આજ સુધી ચાલુ છે અને હું અમારા કોમને કુરાન અને અહલે બૈત (અ.) સાથે જોડાયેલ રહેવાનો પ્રયાસો માટે અમારા તમામ કોમની સેવા કરતા આલીમો (પુરુષ અને સ્ત્રી)નો ખૂબ આભાર માનું છું.

ઈદના આ દિવસે, શું હું તમને બધાને નમ્રતાપૂર્વક કહી શકું છું કે અમારા કોમના તમામ મર્હુમ આલીમો કે જેઓ ખૂબ યોગદાન આપ્યું છે અને ખાસ કરીને મર્હુમ હાજી નાજી અને મરહુમ મુલ્લા અસગરને સુરા અલ-ફાતિહા સાથે યાદ કરો.

ફરી એકવાર તમને અને તમારા પરિવારને ઈદ મુબારક.

વસ સલામ
સફદર જાફર
પ્રમુખ - ધ વર્લ્ડ ફેડરેશન

